કોડ નંબર.: ૭૨૬૭૧ એ-આર

# ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ

અહીંયાં ફોટો ચોંટાડવો

## રોજીંદા મુસાફર તરીકે રાહતદરે મુસાફરી કરવા માટે માસિક પાસ મેળવવાનું અરજી પત્રક

**પ્રતિ,**

**કેન્દ્ર વ્યવસ્થાપક શ્રી,**

**ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ,**

**..................કેન્દ્ર,**

**.......................**

શ્રીમાન,

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ તરફથી નિગમની ગ્રામિણ / શહેરી, સાદી - લોકલ, એક્સપ્રેસ બસ સર્વિસમાં રોજીંદા મુસાફરોની સુવિધા માટે માસિક પાસ પધ્ધતિ દાખલ કરેલ છે. તેના નિયમો મેં વાંચ્યા છે. તે મને કબુલ મંજુર અને બંધનકર્તા છે,હું પાસ કઢાવવા ઈચ્છુ છું. જે અંગેની જરૂરી વિગતો નીચે મુજબ છે.

પુરૂંનામઃ (અટક પ્રથમલખવી)..................................................................................

જન્મતારીખ :................................... પાસની વિગત : માસિક | લોકલ / એક્સપ્રેસ / શહેરી

સરનામું : ..........................................................................................................

.....................................................................................................................

મુસાફરી માટેનો રૂટ.............................થી ..........................સુધી (વાયા : ...............................)

બસમાં બેસવાનું સ્થળ : ..................................ઉતરવાનું સ્થળ : ..............................................

આ સાથે મારા પાસપોર્ટ સાઈઝના બે ફોટા સામેલ રાખેલ છે. પાસ અંગેના નિયમો મેં વાંચ્યા છે. જે મને બંધનકર્તા છે.

સ્થળઃ

તારીખઃ

...................................

અરજદારની સહી.

નોંધ : એક ફોટો અરજી પત્રક પર ચોંટાડવાનો રહેશે અને બીજો ફોટો ક્લીપ કરીને રાખવાનો રહેશે.

# નિયમો

૧. માસિક પાસ માટે નિયમાનુસાર બેસવાના અને ઉતરવાના સ્થળ વચ્ચેની બસના પ્રવાસ માટે થતું આવવા તથા જવાનું ભાડું અગાઉથી આપવાનું રહેશે.

૨. ઓળખપત્રનો ચાર્જ રૂા. ૨૦-૦૦ અગલથી આપવાનો રહેશે.

૩. ઓળખપત્રની મુદ્દત ૭ વર્ષની રહેશે.

૪. ઓળખપત્ર બગડી / ફાટી તેમજ વાંચી ન શકાય તેવા પ્રકારે અગર ગુમ થાય તેવા સંજોગોએ ઓળખપત્ર પુનઃ નિયમાનુસારના નાણાં ભરીને ઓળખપત્ર કઢાવવાનું રહેશે.

૫. પાસ ધારકે ટુંકી અને વાંચી શકાય તેવી સહી પાસ અને ઓળખપત્ર પર કરવાની રહેશે.

૬. માસિક પાસ કઢાવવા આવતી વખતે પાસ ધારકે ઓળખપત્ર અવશ્ય રજૂ કરવાનું રહેશે.

૭. જે તે પાસ ધરાવતી વ્યક્તિ પોતાનો પાસ તબદીલ કરી શકશે નહિં. અને આ પાસનો ઉપયોગ પાસ ઉપર દર્શાવેલ વ્યક્તિસિવાયની અન્ય વ્યક્તિ કરી શકશે નહીં. અરજી ફોર્મમાં દર્શાવેલ માર્ગ ઉપર જ મુસાફરી કરી શકાશે. આમ છતાં જો આવા પાસનો ઉપયોગ અન્ય વ્યક્તિ દ્વારા કરાતો પકડાશે તો તે પાસ જપ્ત કરવામાં આવશે અને ટિકિટ વગરના મુસાફર ગણી નિયમાનુસાર ભાડું તથા દંડ વસુલની કાર્યવાહી કરવામાં આવશે અને કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરી શકાશે.

૮. બસમાં હરોળમાં ઉભા રહી પ્રવેશવું તેમજ બેસવાની જગ્યા નહિ હોય તો પાસ ધરાવનાર પ્રવાસી તે માટે તકાદો કરી શકશે નહિં.

૯. જો કોઈપણ સંજોગોને કારણે પાસ ધરાવનાર પ્રવાસી પ્રવાસ ન કરી શકે તો તે માટે પાસ ધરાવનાર પ્રવાસી કોઈપણ પ્રકારની નુકશાની અથવા વળતર માંગી શકશે નહિં.

૧૦. પ્રવાસ દરમ્યાન જ્યારે પણ સંસ્થાના અધિકૃત કર્મચારી / અધિકારી દ્વારા ચકાસણી માટે પાસ માંગવામાં આવે ત્યારે પાસ ધરાવનાર પ્રવાસીએ આનાકાની વગર પાસ અને ઓળખકાર્ડ ચકાસણી માટે આપવાનું રહેશે.

૧૧. જો કોઈપણ સંજોગોમાં જે તે માર્ગની બસ/બસોનું સંચાલન નિગમદ્વારા રદ કરવામાં આવે તો તેને માટે કોઈપણ નાણાં પરત આપવામાં આવશે નહિં કે કોઈપણ વળતર ચુકવવામાં આવશે નહિં.

૧૨. પાસ ધરાવનાર પ્રવાસી મુસાફરી દરમ્યાન પોતાની સાથે અધિકૃત લગેજ લઈ જઈ શકશે, અથવા વધારાના લગેજ માટે નિયમાનુસાર લગેજ ટિકિટ લેવાની રહેશે.

૧૩. એક વખત પાસ કાઢી આપ્યા બાદ તે પરત લેવામાં આવશે નહિં તેમજ વપરાયેલા પાસ રિફંડને પાત્ર રહેશે નહિં. જો પાસ તેમજ ઓળખકાર્ડ ખોવાઈ જાય અથવા ખરાબ થઈ જાય કે ધોવાઈ જાય તો પુરા પૈસા લઈને જ નવો પાસ તેમજ ઓળખકાર્ડ કાઢી આપવામાં આવશે.

૧૪. પાસ ઉપર કોઈપણ સુધારા વધારા કરી શકાશે નહિં. જે ગંભીર ગુન્હો બનશે અને આવા પાસ ધારકનો પાસ રદ કરવાની તથા કાનૂની કાર્યવાહી યોગ્ય જણાતાં કરવામાં આવશે.

૧૫. પાસ પધ્ધત્તિ યોજના નિયમોમાં જરૂરી જણાય ત્યારે નિયમોમાં સુધારા વધારા કરવા માટે નવી શરતો ઉમેરવા માટે, રાહતદરના ચાર્જમાં સુધારો કરવા માટે અને પાસની મુદ્દત દરમ્યાન ભાડામાં ફેરફાર થાય તે પ્રમાણેની રકમ પાસની બાકીની મુદ્દત માટે વસુલવાના માટે તથા અન્ય જરૂર જણાય તે સુધારા વધારા કરવા નિગમ અબાધિત હક્ક ધરાવે છે. આવા સુધારા પાસ ધારકને બંધનકર્તા રહેશે.